## જન્મદિને વધામણી



**પરિમલ પટેલ**
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
(૭ સપ્ટે.) મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮



**અતુલ દવે**
એડમિનીસ્ટ્રેટીવ ઓફિસર એલઆઈસી, ગાંધીનગર
(૭-૯-૧૯૫૫) મો. ૯૪૨૯૨ ૦૨૪૩૯







શ્રી હરેક્રિષ્ના મૂવમેન્ટ દ્વારા ભાડજ ખાતે નવનિર્મિત શ્રી હરેક્રિષ્ના મંદિર ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. રાધાકૃષ્ણની પ્રતિમા પર સંતો દ્વારા જલાભિષેક કરવામાં આવ્યો હતો અને દર્પણ એકેડેમી ઑફ પરફોર્મીંગ આર્ટ્સ દ્વારા સુંદર નૃત્યનાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીજીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી મુરલીમનોહર શ્યામની આરતીનો લાભ લીધો હતો.

# રાજ્યપાલના હસ્તે ધરતી રત્ન ઍવોર્ડ એનાયત

## ગાંધીનગરનાં મંજીતાબેન વણઝારા ઍવોર્ડ વિજેતામાં સામેલ

ગાંધીનગર, તા. ૬

જીવનમાં માનવસેવાનો ભેખ લઈને બેઠેલા ૧૦ વ્યક્તિઓને રાજ્યપાલના હસ્તે સન્માનિત કરવાનો એક કાર્યક્રમ અમદાવાદ ખાતે યોજાયો હતો, જેમાં ગાંધીનગરનાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે.

આશીર્વાદ ઍજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલય ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીજીના હસ્તે કુલ ૧૦ વ્યક્તિ-વિશેષોને રૂા.૧૧ હજાર રોકડ પુરસ્કાર તરીકે આપીને પાંચમા ધરતી રત્ન ઍવોર્ડ વિજેતા તરીકે સન્માનવામાં આવ્યા હતા.

આ ઍવોર્ડ વિશે માહિતી આપતાં ટ્રસ્ટના પ્રમુખ સીએ આર ઍસ પટેલે જણાવ્યું હતું કે સમાજમાં કેટલાક લોકો એવા છે કે જેમને નોકરી કે ધંધામાં અનેકગણું કમાવાની તક હોય પરંતુ જીવનમાં તેઓ માનવસેવાનો જ ઉદ્દેશ લઈને બેઠા હોય અને જીવનનાં મૂલ્યવાન વર્ષો એમણે માનવસેવામાં જ સમર્પિત કર્યા હોય.

આવા વિરલાઓને ધરતી રત્ન ઍવોર્ડ આપવામાં આવે છે. ઍવોર્ડ આપવાનો અમારો હેતુ સમાજમાં સારા કામના ઉદાહરણોનો એક પ્રેરણાસ્ત્રોત ઊભો કરવાનો છે.

ધરતી રત્ન ઍવોર્ડ ૧૩-૧૪ માટે પસંદ કરવામાં આવેલા ૧૦ વ્યક્તિઓ પૈકી મંજીતાબેન વણઝારા ગાંધીનગરનાં છે. એ ઉપરાંત અમદાવાદના ડૉ. શશાંક રાઠોડ, ભીમજીભાઈ નાકરાણી, ડૉ. જિતેન્દ્ર બાબુભાઈ પટેલ, કુમુદબેન રશ્મિકાન્ત શાહ, પ્રહલાદભાઈ સોલંકી, મહેશભાઈ છગનભાઈ ત્રિવેદી, માઠીના ભરતભાઈ રામભાઈ પટેલ, ભુજ-કચ્છના હેમેન્દ્રભાઈ નલિનભાઈ જનસારી તથા ભારતીબેન નલીનભાઈ જનસારીનાં નામો પણ આ યાદીમાં સામેલ છે.

ઍવોર્ડ માટેની પસંદગી સમિતિના સભ્યો તરીકે મુંબઈ હાઈકૉર્ટના પૂર્વ જસ્ટીસ ક્ષિતિજ વ્યાસ, જાણીતા કવિ અંકિત ત્રિવેદી તથા ટૅક્સ ઍડવોકેટ મુકેશ ઍમ પટેલે પોતાની બહુમૂલ્ય સેવાઓ અર્પણ કરી હતી.

# આજે જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા

## ૩૧ ઑગષ્ટે મુલતવી રાખવામાં આવેલી સ્પર્ધા આજે યોજાશે

ગાંધીનગર, તા. ૬

જિલ્લાકક્ષાની ઈન્ટરસ્કૂલ સાયન્સ ડ્રામા સ્પર્ધા ગાંધીનગર ખાતે આવતીકાલે યોજાઈ રહી છે.

નૅશનલ કાઉન્સીલ ઑફ સાયન્સ મ્યુઝીયમ દ્વારા પોતાની વિવિધ સાયન્સ પ્રવૃત્તિઓના ભાગરૂપે પ્રતિવર્ષ સાયન્સ ડ્રામા સ્પર્ધા પણ યોજવામાં આવે છે, જે તાલુકા, જિલ્લા, રાજ્ય, ઝોન અને રાષ્ટ્રીય કક્ષાએ યોજાય છે.

રાજ્ય સ્તરે આ સ્પર્ધાનું આયોજન ગુજરાત સાયન્સ અને ટૅકનોલૉજી વિભાગ સંચાલિત ગુજરાત કાઉન્સીલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી દ્વારા તથા જિલ્લાકક્ષાની સ્પર્ધાનું આયોજન નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા કરવામાં આવે છે.

નિસર્ગના ઉપક્રમે સોમવારે સવારે ૯ કલાકે વસંતકુંવરબા વિદ્યાલય, સૅક્ટર-૨૮ ખાતે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૧ શાળાઓ આ વખતે ડ્રામા સ્પર્ધામાં ભાગ લઈ રહી છે.

અગાઉ આ સ્પર્ધા તા. ૩૧ ઑગષ્ટના રોજ યોજાવાની હતી પરંતુ એ અગાઉ રાજ્યમાં થયેલી અશાંતિની પરિસ્થિતિને કારણે શાળાઓમાં રજાઓનો માહોલ આવી ગયો હતો અને એ કારણે શાળાઓ સ્પર્ધા માટે છેલ્લી ઘડીની તૈયારીઓ કરી શકી ન હતી, તેથી શાળાઓએ વધુ સમયની વિનંતી કરી હતી. શાળાઓની વિનંતીને ધ્યાને રાખી નિસર્ગ દ્વારા એક સપ્તાહનો સમય લંબાવવામાં આવ્યો હતો અને આખરે હવે સોમવારે આ સ્પર્ધા યોજાઈ રહી છે.

નગરનાં સિનિયર મોસ્ટ નાટ્યકાર પ્રકાશ લાલા અને ગાંધીનગરના નાટ્યને રાજ્ય સ્તરે ઓળખ અપાવનારા નગરના નાટ્યકાર કુંતલ નિમાવત આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

આ સ્પર્ધામાં વધુ ને વધુ શાળાઓ ભાગ લે અને વધુમાં વધુ સારાં નાટકો ભજવાય એ માટે બે માસ અગાઉ નિસર્ગના સંચાલક અનિલભાઈ પટેલ દ્વારા જિલ્લાની શાળાઓના સાયન્સ શિક્ષકોને રૂબરૂ બોલાવી કાઉન્સેલીંગ પણ કરવામાં આવ્યું હતું, જેના પરિપાકરૂપે આ વખતની સ્પર્ધામાં સારાં નાટકો આવશે અને સ્પર્ધા રોચક બની રહેશે એવી આશા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લાં ત્રણ વર્ષથી ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલય આ સ્પર્ધા જીતતી આવી છે.

## કલા સ્વાધ્યાય મંદિર તથા દર્શક દ્વારા ગ્રંથવિમર્શ અંતર્ગત મંગળવારે ત્રણ પુસ્તકોનો રસાસ્વાદ

ગાંધીનગર, તા. ૬

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત કલા સ્વાધ્યાય મંદિર તથા દર્શક ફાઉન્ડેશન દ્વારા આયોજિત ગ્રંથવિમર્શ કાર્યક્રમ અંતર્ગત આગામી તા. ૮ ને મંગળવારના રોજ ત્રણ પુસ્તકોના આસ્વાદનું આયોજન કરવામાં આવ્યું છે.

મંગળવારે સાંજે ૫.૩૦ કલાકે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત ગૂર્જર પ્રકાશન દ્વારા પ્રકાશિત અને નાનાભાઈ ભટ્ટ લિખિત પુસ્તક ઘડતર અને ચણતર, વન્ડર બૂક ગૅલેરી પ્રકાશન દ્વારા પ્રકાશિત અને ધ્રુવ ભટ્ટ લિખિત પુસ્તક તિમિરપંથી અને સર્વોદય સહકારી પ્રકાશન દ્વારા પ્રકાશિત અને મનુભાઈ પંચોળી લિખિત પુસ્તક સદ્‌ભિઃ સંગઃનો આસ્વાદ અનુક્રમે કંદર્પ દેસાઈ, અજયસંહ ચૌહાણ અને મનોહરભાઈ ત્રિવેદી દ્વારા કરાવવામાં આવશે અને ત્યારબાદ પ્રશ્નોત્તરરૂપ ચર્ચા પણ હાથ ધરવામાં આવશે.

# ટ્રાફિક સમસ્યા અંગે જાગૃતિ માટે "વન મિનિટ ફિલ્મ ફૅસ્ટીવલ"

### ટ્રાફિકની વિકટ સમસ્યાનો ઉકેલ મેળવવા માટે વિગર ફિલ્મ્સનો એક નવતર પ્રયાસ

### કોઈપણ વ્યક્તિ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે : ફિલ્મ ઑનલાઈન મોકલવાની રહેશે

ગાંધીનગર, તા. ૬

વિગર ફિલ્મ્સ ઍન્ડ ટેલીવિઝન દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે ગુજરાત વન મિનિટ ફિલ્મ ફૅસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાએ જણાવ્યું છે કે દેશમાં વર્ષે લગભગ એક લાખ ચાલીસ હજાર લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે અને વધુ દુખની વાત એ છે કે જે લોકોને માથે કુટુંબની જવાબદારી હોય એવા લોકો આ અકસ્માતનો ભોગ બને છે. ટ્રાફિકની સમસ્યા માટે આપણે પોતે જવાબદાર હોવા છતાં જવાબદારી સ્વીકારવા તૈયાર નથી અને ભોગ બનીએ ત્યારે પણ વાંક બીજાનો જ કાઢીએ છીએ.

ટ્રાફિકની વિકટ સમસ્યાનો ઉકેલ દરેકના મતે જુદો હોઈ શકે. દરેક વ્યક્તિ દ્વારા સૂચવવામાં આવેલા ટ્રાફિકની સમસ્યાના એ ઉકેલને લાખો લોકો સુધી પહોંચાડવા માટે આ વન મિનિટ ફિલ્મ ફૅસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. કોઈપણ વ્યક્તિ આ વિષયે એક મિનિટની ફિલ્મ બનાવી ઑનલાઈન www.vigormedia.in પર અપલોડ કરી શકે છે.

સંસ્થાને મળેલી સઘળી ફિલ્મોમાંથી કુલ ૫૦ ફિલ્મ્સ પહેલા રાઉન્ડમાં પસંદ કરવામાં આવશે. ત્યારબાદ આ ફિલ્મ્સને સોશિયલ મીડિયા દ્વારા પબ્લિક વોટિંગ માટે ખુલ્લી મૂકવામાં આવશે. છેલ્લે જ્યુરીના માકર્સ અને પબ્લિક લાઈક્સની ઍવરેજ કાઢી આખરી વિજેતાની જાહેરાત કરવામાં આવશે. આ સ્પર્ધા માટે ઈનામોની વિવિધ ૬ કૅટેગરી પણ નિયત કરવામાં આવી છે : બેલ્ટ ફિલ્મ, બેસ્ટ ફોટોગ્રાફી, બેસ્ટ ઍડિટીંગ, બેસ્ટ કોન્સેપ્ટ, બેસ્ટ ઍનીમેશન અને બેસ્ટ ડિરેક્શન.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વ્યક્તિઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે તથા આ માટે ગ્રાન્ડ ફિનાલેનું આયોજન પણ કરવામાં આવશે.

સ્પર્ધા માટે રજિસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તારીખ ૧૫ સપ્ટેમ્બર અને ફિલ્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૦ સપ્ટેમ્બર નિયત કરવામાં આવી છે. સિલેક્ટ થયેલી તમામ ફિલ્મ્સ ટ્રાફિક પોલીસ, અમદાવાદને અર્પણ કરવામાં આવશે અને તેના દ્વારા તે સમૂહ માધ્યમોમાં પ્રસારિત કરવામાં આવશે એમ સંસ્થા દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# ગાયત્રી પરિવાર-લાયોનેસ ક્લબ અને પૂજન ડાન્સ ક્લાસે જન્માષ્ટમી ઉજવી



ગાંધીનગર, તા. ૬

લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર, ગાયત્રી પરિવાર અને પૂજન ડાન્સ ક્લાસના સંયુક્ત ઉપક્રમે ગાયત્રી મંદિર, સૅક્ટર-૧ ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત રાધાકૃષ્ણની રાસલીલા, નૃત્ય નાટિકા, ફૅન્સી ડ્રેસ કૉમ્પિટિશન અને મટકી ફોડ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાનાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે વિજેતા બાળકોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત ગાયત્રી પરિવારના ચૅરમૅન કનુભાઈ ગોહિલ અને સભ્યો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાયત્રી પરિવારનાં બહેનો દ્વારા સમૂહગાનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ગાયત્રી પરિવારનાં જશુબેન ઠક્કર, લાયોનેસ પ્રમુખ વૈશાલી જોષી, પ્રજ્ઞાબેન ગજ્જર અને ગાયત્રી પરિવાર તથા લાયનેસ બહેનોનો આ કાર્યક્રમના આયોજનમાં સહકાર પ્રાપ્ત થયો હતો. લાયોનેસ પૂર્વ પ્રમુખ આરતીબેન ભટ્ટ અને અમીબેન શાહ દ્વારા નિર્ણાયકો તરીકે તથા આશાબેન સરવૈયા દ્વારા કાર્યક્રમ સંચાલક તરીકે સેવાઓ આપવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૦૦
ફૅન્ટમ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પાયુમ પુલી (તમિલ)
૭.૦૦

**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૧૧.૦૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૨.૧૫, ૬.૧૫, ૧૦.૧૫
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (અંગ્રેજી)
૪.૧૫, ૮.૧૫

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
સવારે ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૯.૧૫
વૅલકમ બૅક
૧૧.૧૫, ૨.૩૦, ૪.૪૫, ૯

**સ્ક્રીન-૩**
ફૅન્ટમ
સવારે ૧૦.૨૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૧.૧૫, ૫.૩૫, ૧૧.૦૦
હિટમૅન (અંગ્રેજી)
૩.૨૫
વૅલકમ બૅક
૭.૪૫

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૧૫
ફૅન્ટમ
૧.૩૦, ૪.૨૫, ૯.૩૦
હિટમૅન (અંગ્રેજી)
૭.૨૦

# 'વૅલકમ બૅક' : પ્રેક્ષકોને નિરર્થક હસાવવાના પ્રયત્નો પર હસવું આવે એવું છે!



**રિયલ વ્યુ**
હિરેન ભટ્ટ

મહાન કલાકારો, અનુભવી દિગ્દર્શક, નિપૂણ સિનેમેટોગ્રાફર, ભવ્યાતિભવ્ય સેટીંગ્સ, અને એજ સફળ નામ હોવા છતાં પ્રેક્ષકોને 'વૅલકમ બૅક' કરવા આસાન નથી. હિન્દી ફિલ્મોના નિવડેલા ડાયલૉગ્ઝ રાઈટર, લેખક અને દિગ્દર્શક અનીશ બઝમીની ફિલ્મ 'વૅલકમ બૅક'માં ટેલેન્ટેડ એક્ટર્સની ટીમ, થ્રીલીંગ એક્શન્સ અને ધમાકેદાર (ઘોંઘાટીયું) મ્યુઝીક હોવા છતાં આ એક્શન કૉમેડી ફિલ્મમાં એક્શન અને કૉમેડી બન્નેમાં ભલીવાર નથી.

છેક ૧૯૮૮ થી હિન્દી ફિલ્મોની સ્ક્રીપ્ટ અને ડાયલૉગ્ઝ લખતા અનીશ બઝમીએ રાજીવ કૌલ સાથે મળીને લખેલી 'વૅલકમ બૅક'માં આમ જોવા જઈએ તો વાર્તા જેવું કંઈજ નથી, છતાં પહેલા પાર્ટની સ્ટોરી આગળ વધારતાં અનીશ બઝમી લખે છે કે, ડૉન ઉદય (નાના પાટેકર) અને મજનુ (અનિલ કપૂર) હવે અન્ડરવર્લ્ડ છોડીને યુનાઈટેડ આરબ અમિરાત્સ-અબુધાબી-દુબઈમાં ઠાવકા બિઝનેસ મેન બની ગયા છે. વેપાર ધંધામાં ઠરીઠામ થયેલા ઉદય અને મજનુને હવે ઘર સંસાર માંડવો છે. કડવા ચોથના તહેવારે ચાળણીના બીજા છેડેથી કોઈ એમને પણ જુએ એવી મનોકામના સાથે બન્નેને પૈણ ઉપડે છે. ઉદય અને મજનુનો ભેટો નફઝગઢના મહારાણી (ડિમ્પલ કાપડીયા) અને નફઝગઢની પ્રિન્સેસ (નવોદિત અભિનેત્રી અંકીતા શ્રીવાસ્તવ) સાથે થાય છે. નફઝગઢની મહારાણી અને પ્રિન્સેસ હકીકતમાં તો ગુંડીઓ છે. સુધરી ગયેલા ગુંડા ઉદય અને મજનુ પ્રિન્સેસ સાથે પરણવાની લ્હાયમાં પ્રિન્સેસ પાછળ લૂંટાય છે. બન્નેમાંથી એકનો પ્રિન્સેસ સાથે પરણવાનો મેળ પડે ન પડે ત્યાં નાના પાટેકરના પિતાજી એક સાવકી બહેન (શ્રૃતિ હાસન) સાથે પ્રગટ થાય છે ! નફઝગઢની મહારાણી હવે એવી શરત મૂકે છે કે, પહેલાં બહેન શ્રૃતિ હાસનના લગ્ન થાય પછી જ ઉદય કે મજનુનો મેળ પડે... બન્ને ભાઈઓ બહેન શ્રૃતિ હાસન માટે મૂરતિયો શોધવા નિકળે છે. આ દરમિયાન શ્રૃતિ હાસન મુંબઈના મવાલી અજ્જુભાઈ (જ્હૉન અબ્રાહમ)ના પ્રેમમાં પડે છે. બસ, પછી ધમાલ ચાલુ... અજ્જુભાઈ એકાએક

ડૉ. ઘુંઘરુ (પરેશ રાવલ)નો દિકરો નિકળે છે. અજ્જુભાઈના પ્રેમની ચુંગાલમાંથી બહેનને છોડાવવા ઉદય અને મજનુ દુનિયાના સૌથી મોટા ગુંડા વૉન્ટેડ ભાઈ (નસીરૂદ્દીન શાહ)ની શરણે જાય છે, તો વૉન્ટેડ ભાઈનો દિકરો હની (શાઈની આહુજા) પણ શ્રૃતિ હાસનના પ્રેમમાં નિકળે છે.... પછી ખરેખર શ્રૃતિ હાસન કોને વરે છે અને ઉદય-મજનુને ચાળણીના સામે છેડેથી જોવાવાળી કોઈ જડે છે કે નહીં એટલું કહેવાનું તો હું બાકી રાખું ને ???

કૉમેડી ફિલ્મનો સૌથી મોટો આધાર વાર્તા, કલાકારોના ટાઈમિંગ્સ અને ડાયલૉગ્ઝ છે. અનીશ બઝમી અને રાજીવ કૌલની વાર્તામાં કંઈ વિશેષતા નથી, એટલું જ નહીં મૂળ વાત ખૂબજ સામાન્ય કક્ષાની છે. 'વૅલકમ બૅક'ના ડાયલૉગ્ઝ રાજ શાન્ડિલ્યએ લખ્યા છે. ૨ કલાક ને ૫૩ મિનિટ લાંબી આ ફિલ્મમાં પાંચેક ડાયલૉગ્ઝ કે પંચલાઈન્સ એવા માંડ મળે કે જ્યાં ખડખડાટ હસવું આવે. બાકી આખી ફિલ્મમાં નાના પાટેકર, અનિલ કપૂર, પરેશ રાવલ અને નસીરૂદ્દીન શાહ જેવા મહાન કલાકારોના પ્રેક્ષકોને હસાવવાના નિરર્થક પ્રયત્નો પર હસવું આવે છે !!!

'વૅલકમ બૅક'માં અભિનયના બેતાજ બાદશાહોને દિગ્દર્શક અનીશ બઝમીએ જોકર બનાવી દીધા છે. નાના પાટેકર, અનિલ કપૂર, પરેશ રાવલ અને નસીરૂદ્દીન શાહ જેવા દિગ્ગજ અભિનેતાઓ પાસે કૉમેડી કૅરેક્ટર્સને ન્યાય આપવા માટે જરૂરી સશક્ત સંવાદોની ભારે ખોટ છે. સંવાદો વિના અભિનેતાએ હાવભાવ અને અંગભંગિમાઓ પર જ આધાર રાખવો પડે. દિગ્દર્શક અનીશ બઝમીએ કૉમેડીમાં ને કૉમેડીમાં કરોડોના અભિનેતાઓને કોડીના કરી નાખ્યા છે.

દિગ્દર્શક અનીશ બઝમી કોઈ નાનુસુનું નામ નથી. ઘણી સફળ ગંભીર ફિલ્મોના લેખક અને સંવાદ લેખક અનીશ બઝમીએ 'નો એન્ટ્રી' અને 'સિંગ ઈઝ કીંગ' જેવી સુપર ડુપર હીટ કૉમેડી ફિલ્મો આપી છે. અનીશ બઝમી આપણા ગુજરાતના અને તે પણ આપણા પડોશી જિલ્લા-અરવલ્લી જિલ્લાના મોડાસા ગામના છે. આજે પણ અનીશ બઝમીએ મોડાસા અને મોડાસાના મિત્રો સાથેનો નાતો જીવંત જાળવી રાખ્યો છે. વ્યક્તિ તરીકે અતિ ઉમદા અનીશ બઝમી કૉમેડીના કીંગ કહેવાય છે. પરંતુ 'વૅલકમ બૅક'માં કૉમેડીના કીંગ દુરી-તીરી સાબીત થયા છે.

'વૅલકમ બૅક'નું મેકીંગ ભવ્યાતિભવ્ય છે એમાં બે મત નથી. અબુધાબીના રૉયલ અમિરાત્સ પૅલેસની અંદર 'વૅલકમ બૅક'નું શુટીંગ કરાયું છે. આ પહેલા હૉલીવુડની ફિલ્મ 'ફાસ્ટ ઍન્ડ ફ્યુરીયસ'નું શુટીંગ આ પૅલેસમાં કરાયું હતું. 'વૅલકમ બૅક' પહેલી હિન્દી ફિલ્મ છે જેનું શુટીંગ આ પૅલેસમાં કરાયું હોય. આ ઉપરાંત વિશ્વની સૌપ્રથમ ટ્રેકસાઈડ હોટલ-દુબઈની મેઈડન રેસકૉર્સ હોટલ તથા દુબઈના મરઘામ રણમાં આ ફિલ્મનું લાખોના ખર્ચે શુટીંગ કરાયું છે. 'તુત્તી બોલે વૅડીંગ દી...' ગીતના શુટીંગ માટે નિર્માતા એ મુંબઈના ફિલ્મસિટી સ્ટુડિયોમાં અબુધાબીના રૉયલ અમિરાત્સ પૅલેસની રૅપ્લીકા ઉભી કરી હતી. ફિલ્મના ક્લાઈમેક્સ માટે મરઘામ રણમાં ૧૦૦૦ જેટલા ઊંટની વ્યવસ્થા પણ કરવી પડી હતી. 'વૅલકમ બૅક'માં ફરારી સ્પાઈડર, મૅન્સોરી કાર્બોનાડો એમેર્ટોસ, એસ્ટન માર્ટીન વન-૭૭ અને રૉલ્સ રૉયસ-ફેન્ટમ જેવી મોંઘીદાટ કારનો પણ આ ફિલ્મમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. પરંતુ આ બધું જ વ્યર્થ છે. ખોળીયામાં પ્રાણ જ ના હોય પછી ગમે તેટલાં સુંદર વાઘાં પહેરાવે શું વળે...!

'વૅલકમ બૅક'માં યો યો હની સિંગના કન્સલ્ટેશનમાં ત્રણ-ત્રણ સંગીતકારો મીત બ્રધર્સ અન્જાન, અન્નુ મલીક અને મિક્કા સિંગે સંગીત આપ્યું છે. સંગીત તો શું ઘોંઘાટ પીરસ્યો છે ! એક ગીત અન્નુ મલીકની દીકરી અનમોલ મલીકે જ્હૉન અબ્રાહમ સાથે ગાયું છે. બૉલીવુડના મશહુર કૅમેરા મેન કબીરલાલની સિનેમેટોગ્રાફી અને સ્ટીવન બર્નાર્ડના ચુસ્ત એડીટીંગે 'વૅલકમ બૅક'ને થોડી ઘણી સહ્ય બનાવી છે.

દિગ્દર્શક અનીશ બઝમીએ વર્ષ ૨૦૦૭માં 'વૅલકમ' જેવી સુપરહીટ કૉમેડી ફિલ્મ આપી હતી. આઠ વર્ષ પછી આ દિગ્દર્શક 'વૅલકમ બૅક' લઈને આવ્યા છે. આઠ વર્ષમાં ઘણા વહાણા વહી ગયા. 'વૅલકમ' જેવો દિગ્દર્શકનો જાદુ 'બૅક' નથી થયો...

આઠ વર્ષ પહેલા પ્રેક્ષકો જેટલી મોકળાશથી હસી શકતા હશે એટલી મોકળાશ પણ હવે કદાચ ઓછી થઈ રહી છે : આપણા જીવન પણ એટલા ભારેખમ થઈ રહ્યા છે કે, હસવું કે હસી કાઢવું સહેલુ રહ્યું નથી : કદાચ આ કારણે પણ 'વૅલકમ બૅક' હવે આપણને હસાવી શકવા માટે સમર્થ નથી.